૭૦૧/૧,૨૫૮ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. પંચાળા ૩ પ્રમાણે ત્રણ ગુણ અને તેની સંપત્તિ લખો.
૨. સંત સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્રમાં શું ઇચ્છવું અને કેવી રીતે રહેવું ?
૩. ગઢડા પ્ર. ૧૮ પ્રમાણે મહારાજનો સ્વભાવ કેવો છે ?
૪. અતિશય નિર્દોષ ક્યારે થવાય ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. પંચાળા ૭ પ્રમાણે તત્ત્વે કરીને ભગવાનને ક્યારે જાણ્યા કહેવાય ?
૨. ગઢડા પ્ર. ૧૮ પ્રમાણે ક્યારે શ્રીજીમહારાજ ઘણા પ્રસન્ન થાય ?
૩. ક્યાં સુધી એવું સાધુપણું આવતું નથી ?
૪. શા માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. બેડીનું દૃષ્ટાંત
૨. યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી । યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥
૩. પોતાની સાથળના ચિહ્ન નિમિત્તે આત્મનિષ્ઠા અને ભક્તિનું ગૌરવ.

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. ઝીણાભાઈને પોતાના ગમતામાં વર્તાવવા શ્રીજીમહારાજ જૂનાગઢ ન ગયા.
૨. જે ગુણવાન હોય છે, તે પોતાની જવાબદારીની વાત વિચારે છે; જે દોષોથી ભરેલો હોય છે, તે અધિકારોની જ વાતો કરે છે.
૩. ઈર્ષ્યાને કારણે ભગતજીનું ભૂંડું કરવા લાડુમાં ઝેર આપ્યું.
૪. રામસંગબાપુ પ્રમુખસ્વામીનું માહાત્મ્ય સમજ્યા ત્યારે તેમનામાંથી નાસ્તિકપણું ગયું અને આસ્તિકપણું આવ્યું.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. પંચ ઇન્દ્રિયો દ્વારે ....... પણ અંતઃકરણ નથી.
૨. કોઈકમાં મોટી બુદ્ધિ ....... બુદ્ધિવાળો કહીએ.
૩. જેને સત્સંગ થયો છે ....... કરીને રહે છે.

## વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. વનવિચરણ એ નીલકંઠવર્ણીની કલ્યાણયાત્રા ('સૌરાષ્ટ્રના ભાવભીના પ્રદેશમાં'ના જ પ્રસંગો)
૨. નિઃસ્પૃહી નીલકંઠવર્ણી ('દિવ્ય વનવિચરણ' થી 'પાછા અયોધ્યામાં અને ત્યાંથી ઉત્તર તરફ' સુધીના જ પ્રસંગો)
૩. નીલકંઠવર્ણીની નિર્ભયતા ('પૂર્વ બંગાળમાં' થી 'તીર્થરાજ લોજપુરમાં' સુધીના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. ઘનશ્યામની નિષ્કામ ધર્મમાં રુચિ
૨. ભક્તોની ભક્તિભાવને વશ શ્રીહરિ ('રઘુનાથદાસે ઉપાડેલી ઉપાધિ' થી 'કચ્છનો સત્સંગ' સુધીના જ પ્રસંગો)
૩. ઘનશ્યામ અને સુવાસિની ભાભીનો સ્નેહસંબંધ ('અયોધ્યાની પુણ્યભૂમિમાં'ના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. વ્યાપકાનંદ સ્વામી ભૂમાપુરુષના લોકમાં જાય છે.
૨. તારી સાત પેઢીમાં કોઈને અમે સાધુ કરવાના નથી.
૩. શુકલતીર્થમાં રાજબાઈને ઘેર.
૪. સાધુની ઝોળીમાં જગત.
૫. સ્ત્રી-પુરુષની સભા નોંખી કરાવી.

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. ઇચ્છારામ
૨. રામદાસ સ્વામી (રામચરણદાસ સ્વામી)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- [ ][ ] [ ][ ] [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

### વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. અઠવાડિક સત્સંગ સભાનું આયોજન કોણે કર્યું ?
૨. બાળ સંસ્કાર એટલે શું ?
૩. ધ્યાનમાં મનની એકાગ્રતા માટે શું કરી શકાય ?
૪. ઘરમંદિરની આવશ્યકતા શા માટે છે ?
૫. સારંગપુરમાં પુષ્પદોલોત્સવ પ્રસંગે બાઈ ભક્તોએ કઈ પ્રાર્થના કરી હતી ?

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. આરતી પૂર્ણ થયા પછી શંખપૂરિત જળનું આવર્તન શા માટે કરવામાં આવે છે ?
૨. મૂર્તિપૂજા શા માટે ?
૩. સ્વામિનારાયણ મંત્રનો સૈદ્ધાંતિક અર્થ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. કંઠી શું છે ?     ૨. શિક્ષાપત્રીનું નિત્ય વાંચન શા માટે ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]

૧. નિત્યપૂજા શું છે ? શા માટે ?     ૨. તિલક-ચાંદલો શું છે ?

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. શાસ્ત્રીજી મહારાજના લાડીલા ભારતરત્ન : શ્રી ગુલઝારીલાલ નંદા (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૩)
૨. ઉપાસના - પ્રવર્તન : શાસ્ત્રોની સાખે (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૪)
૩. પ્રશ્નોપનિષદ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯)

❋ ❋ ❋

**સૂચના :-** આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website** - **link** પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**